
છપનનાં દુષ્કાળમાં

ખંભાત શાહેરની હાલત

લખનાર,

એક ખંભાતી.



અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦

કિંમત છ પાઈ.

પત્રિકા.

ા. પરમસ્નેહી ભાઈશ્રી—

હિમ્મતલાલ નાથાલાલ યાજ્ઞીક,
ડ્રોઇંગમાસ્તર ખંભાત હાઇસ્કુલ.
મુ૦ ખંભાત

ના મારા પ્રતિના પરમ સ્નેહના નિશાન તરીકે આ લેખ અર્પણ કરૂં છું

ગોકુળ અષ્ટમી શુક્રવાર
સવંત ૧૯૫૬

લી સ્નેહાર્દ
કર્તા.

॥ શ્રી ॥

છપ્પનના દુષ્કાળમાં ખભાત શહેરની હાલત.

(વાહ વાહ રે શહેર સ્નેહપુર સારૂ શોભે.) એ રાહ.

નમુ સારદા માત નમુ નમુ હે ગણુ નાયક,
સરસ્વતિ જગ માત આપો મુજને શુભ વાયક;
કુન્દન સમ તમ કાય શુભ વસ્ત્રો ધારણુ છો,
સ્વેત પદ્મ આસન જગતમાં જય કારણુ છો ૧
વેણા ધારણુ માય વંદનીય આપ જગતના,
બ્રહ્મા વિષ્ણુ મહેશ ભજે સઉ દેવ સ્વરગના;
અલ્પ મતિ રચુ ગ્રંથ થાઓ સાહે હે માતા,
કાર્યારંભુ આજ ભગવતિ ભજુ જગદાતા. ૨
કળી કાળની માંહી વિર વિક્રમનો સેકો,
ઓગણીસ છપ્પન મહી હડયો જે વેકો;
ભૂખે મરીયા લોક ઢોર તરણુ નહિ ખાવા,
વેળા વઠી જૂવા નહિ બેઠા મરી જાવા. ૩
ખભાયત શુભ દેશ મહી નજરે જે ભાળ્યું,
લખી રાખવુ જરૂર માહારા મનમાં ધાર્યું;
પંચાવનના અસાડમાં આવ્યો એક દીને,
પછે કીધા પોમાર આવ્યો વરસાદ ન જરીએ. ૪

વાંચો ખંભાતની પુસ્તક પ્રસારક કંપનીમાં પ્રગટ થએ
પુસ્તકોની જાહેર ખબર.

હાં આવેછે આજ કાલ એમ વાટ જુવે સહુ,
બેઠો શ્રાવણ તોય પડે એક બુંદ ન શું કહું;
ચડે વાદળાં ખુબ લોક લહે મોટી આશા,
અડધો શ્રાવણ ગયો એમ તોપણ ન નિરાશા. ૫
વલખાં મારે ખુબ સ્વપ્નમાં એજ વિચારો,
યજ્ઞ કીધા બહુ હોમ તોય નવ આવ્યો આરો;
રાજા રૈયત સર્વ મેઘની વાટ જુવે છે,
દિવસે વાદળ રોજ રાત્રી તારાથી દિસે છે ૬
અનુષ્ટાન સપ્તાય રાજ્યથી રૈયત માટે,
બેસાડયા બહુ પે'ર તોય નહિ મટયો ઉચાટે,
દયા ન આવી દેવ ફર્યો રૈયત દુ.ખી થાએ,
ત્રહાય ત્રહાય સઉ લોક કરે, મનમા મુઝાએ ૭
હાહાકારમાં ગયો માસ શ્રાવણ ત્યા પુરો,
અરે હવે શું થાય રહ્યો ભાદરવો અધુરો,
જોવા ભડળી વાકય જાવિને ઘર સૌ જાએ,
અનાજ ભાવને કાજ ઝપા ઝપ પ્રશ્ન મુકાએ. ૮
બેચાયુ બાજાર ભાદ્ર સુદ પાચેમ થાતા,
રોઢ વસુમણ ઘઊં હતા અઢી ત્રણ કહેવાતા,
બળેવ દિવાસો ગયો ખરે દેવાળુ કાઢયું,
મુસલમાનની ઈદ તેણે પણ નવ ઉકાળ્યુ. ૯
સટ્ટા ઘઉંના રોજ બઝારે થાવા લાગ્યા,
કણીઆઓ બાઝાર મહી મુલ લેછે માગ્યા;
કાઠી કેરા દેશ મહિથી ભુખે મરતી,
આવી વર્ણુ અઢાર અન્ન માટે ટળવળતી ૧૦

'ન શહેરનો ઇતિહાસ કિમ્મત દશ આના જુવો અભિ-
ના પૃષ્ટો.

હજાર બે ત્રણુ લોક ભરાયુ શહેર મહિ છે,
કણીયાઓએ ખુબ મચાવ્યો કેર અહિ છે;
વખાર ભરતા ખુબ ભરે ઘઉં લોકો ટાકે,
લુંટ થવા ભય ઘણો દિવાલો ચણી ચણી ઢાંકે. ૧૧
આસોમાં દસ શેર રૂપૈયાનુ છે અનાજે,
શેઠ શરાફો કોઈ ધીરે નહિ પૈસો વ્યાજે;
ગયા ગરીબો ખુબ ગામ બાહેરના ત્યાએ,
જ્યાં છે રાવદીવાન બહાદુર બંકો જ્યાંએ. ૧૨
જોઈ પુછે શું અરજ કહોને શાને આવ્યા, ?
ભૂખે મરીએ લોક કહે એ કારણુ આવ્યા;
કણિઆએ બાઝાર આજ બેસાડી દિધો,
અનાજ લાખો મણુ તોય છે ભાવ આ કીધો. ૧૩
આપ દયાળુ પ્રભુ આપ વિણુ નહિ કો અમને,
ખાવા અમ ઘર નહિ વધુ શું કહીએ તમને;
મોઘુ કીધું અનાજ કહો પુરૂ કેમ થાએ,
રૂપૈયાનું એક દિવસ બેમાં પુરૂ થાએ. ૧૪
કૃપા કરીને ભાવ સોઘો કરી ઘો તો જાણે,
બક્ષ્યુ જીવતદાન બચાવ્યા સઉ આ ટાણે;
ધન્ય! ધન્ય! દિવાન બહાદુર ધન્ય તમ બુદ્ધિ,
શાણા ગુણુ વિશેષ કથામા નહિ અતિશ્યુક્તિ ૧૫

ધન્ય! માહાધવરામ ઘણો જસ જગમા લીધો,
સંવત્ છપ્પન શાલ મહિ અતિ પ્રયત્ન કીનો;
જોડાવી બગી તુરત બોલાવ્યું પોલીસ સાજન,
આવ્યા બેસી બજાર બોલાવ્યા સર્વે માજન. ૧૬
અનાજ તમ ઘર માહિ, તોય કેમ કીધુ મોંઘુ,
કો'ને વેચો કેમ આમ, આપો નહિ સોંઘુ ? !
ખબરદાર કોઈ દુકાનથી હવે દશ શેર કહેશો,
રૂપીયાનું અઢાર શેર તમો સહુને દેજો. ૧૭
શહેર મહિથી અનાજ હવે પરદેશે જાવા,
દેવાશે નહિ હુકમ કીધો ઝટ થઈ ત્યા વાહવા,
મુકયા ત્યાં પોલીસ ઓછુ દે કો ગરીબોને,
કચરો કદી વિશેષ દિએ લઈ આવો તેને ૧૮
ધન્ય! ધન્ય! દિવાન સાહેબ ઝાઝા ગરીબોના,
અને બચાવ્યા જાન તમે છે બહુ પશુઓના,
હિંદુ છો હાકેમ દિલમાં દયા અતિશે,
લાવી કીધી મહેર કાલ આવાની વિષે. ૧૯
લાવે લોકો પેટ માટ ઘર કેરા વાસણુ,
અને લાકડા ખુબ વેચેછે આ વિમાસણ,
ગરાશિયાની નાર જેણે ઘર બા'ર ન મુકયો,
પગતે રખડે ભુખ થકી દૈવ આશો રૂઠયો ૨૦
બજારમા વેચાય રૂપીયાની ચીજ આને,
ધુતે શેહેરીયો ખુબ બીચારા ગામડીયાને;

વેચે છોરૂ કોઈ પેટ માટે પોતાનાં,
બેરીને બાઝાર મહિકો વેચે છાના. ૨૧
કનસારા બહુ લોક થયા દિસે ગલકડુ,
ગામડીયાને ઠગે બતાવીને અટપટુ;
ઓછા રાખે તોલ નહિ તો ત્રાજુ કેરી,
કડી ચઢાવે રોજ ખુબ નમ તુ લે નમેરી ૨૨
પગ નહિ કાડયો બ્હાર તેજ શું સમજે આમાં,
ધબ લઈ ધીબઈ મરે ઠગે એમ જમના મામા,
દટાઈ રહેતા રોજ દાણામાં વાસણ વેચે,
અરે હાય વિક્રાલ કાલ કેમ દયા ન સે'જે ૨૩
ચક્ષુમાથી વહે નદી સમ અશ્રુધારા,
શેઠ આપશો કાંઈ લેઈ વાસણ આ મ્હારાં ?
નવ લીધુ બે ત્રણ દિવસથી અન્નને પાણી,
લ્ય આ આપો કાંઈ અમપર દયાને આણી ૨૪
હોય ભલો કોઈ જન પૈસા આપે કઈ સારા,
નહિ તો લુટે લોક દયા નવ ધરે નઠારા,

દોહરા.

અનાજ સસતુ આપવા, ગરીબ બચાવા જાન,
બજાર માંહિ કાઢી છે સરકારી દુકાન. ૨૫

રમણ અને તારા.

(ભાગ્યહિન ભાઈ બેહેન.)

અથવા

કરપીણ કામથી ખ્વાર થએલો મુંબઇનો એક શેઠીઓ નૉવેલ કિમત દોઢ રૂપીઓ.

પુરમા પાણી ખુટીયું હતાં તલાવો જેહ,
સુકાયા મહી નહિ જરા, પાણી દિસે તેહ;
કુવાઓ ખાલી થયા, ટાંકામાં નહિ કાંઈ,
અરે હવે કેમ શું થશે લોક ધારે મનમાંઈ. ૨૬
ચાકર નફર જેહને ઘેર કરે નિત્ય કામ,
તેઓએ આપી રજા, નવ રહિ તેને હામ;
ઘર ટાંકાનું કોઈ હિ પાણી ન ભરવી જેહ,
નારી બેડાં લઇ ભરે નારેશ્વરનું તેહ ૨૭
પાણી પાણી ઝંખતા પુરના લોકો મન,
પણુ પાણી કંઇ ના મળે ઇશ્વ આપ્યો શુ દિન;
ધોબીને નહિ કઇ મળે ધોવા વસ્ત્રનો મેલ,
કુવે કાઢે કોઇક તો બીજાને મુશ્કેલ ૨૮
પારેખ લોકો પુરના શિર મુડયાના જેહ,
પૈસા બે લેતા હતા સસતા મલતા તેહ;
આખો દિન ખોટી થવુ પડતુ જેને કાજ,
તે પુછે ઘર ઘર જઇ બેસો છો ભાઇ આજ ? ૨૯
બહાર થકી આવ્યા બહુ ગામડીયા પારેખ,
અડધે પૈસે મુડતા ઘટીયો શેહેરી નેક;
શેર જુવારી કારણે કરે આખો દીન કામ,
તોય મજુરી ના મલે ભૂખે મરે તમામ. ૩૦
દયા છે આવી તેહને દેખી પુર દિવાન,

ઓદે માદલુ તેહને દેવા લાગ્યા ધાન;
મરવા લાગ્યું ઢોર બહુ ખાવા અન્ન જળ નાહી,
વેચે પાડી, બળદને ભેંસ છ આના માહી. ૩૧
જે જગના તારણ અને વિશેષ વસ્ત્રાધાર,
કસાઇને સોપે સઉ કરે ન કાઇ વિચાર;
જેનાથી પેદા થતા પુષ્કળ પય ઘ્રત અન્ન,
જુજ જર લે મરવા દીએ શો ઉપકારી દંન. ૩૨
કસાઇનુ કુશલ થયું લે સસતાં તે પાસ,
તે જોઇ દિવાન દિલ મહી દયાએ કીધો વાસ;
કાડયો હુકમ ઝટ લઇ પશુની રક્ષા કાજ,
પશુ રક્ષકની છાવણી ઉઘાડી છે રાજ
ઓછા પૈસા લઇ અને ઢોર વેચે જન જેહ,
રાજ્ય તરફથી રાખશું દઇ પૈસાને તેહ;
માટે જેને આપવાં હોય લાવવાં ત્યાંય,
પશુ રક્ષકની છાવણી કીધી રાજ્યે જ્યાંય. ૩૪
પશુ લાખોના જાનને બચાવીયા છે એમ,
નવાબ દુલાહ ધન્ય તુને કીધી આ શુભ નેમ;
ઘાસ મગાવ્યું ગામથી ખરચી ગાંઠનો દામ,
દિવાન સાહેબ દિલ દઇ રક્ષા કરે તમામ. ૩૫
વર્ષે આઠથી આવતી રેલ સાંભળી કાંન,
ઝાઝાદિનો વહિ ગયા, તોય નાહ નિશાન;

તે પણ આવા વખતમાં બ્રીટીસ હુકમ લેઈ,
રૈયત સુખને કારણે શરૂ કીધી છે જોઈ ૩૬

કામ લગાડયા પુરના લોકો પાંચ હજાર,
ભૂખે જે મરતા હતા ઉગાર્યા આ વાર;
છાવણીયો રહેવા કરી આપી તેને માટ,
અનાજ સસતુ આપવા બીજાં માંડયાં હાટ ૩૭

ઓછુ કો આપે નહિ, શરિર સુખને કાજ,
પોલીસ રાખ્યા પુરતા, વૈદિક ઑફીસ ત્યાજ,
સંવાર સાંજે તેહની લે સભાળ દિવાન,
સાહેબ બહાદુર ધન્ય છે મુખ શું કરૂ વખાણ. ૩૮

ચરોતર જ્યા પુરનું વસેછે પાટીદાર,
ઉધમમાં વળગાડીયા તગાવી દઈ સરકાર,
કુવા કરાવ્યા ક્ષેત્રમા, તગાવી દઇ તે પાસ,
શિયાળુ પાક સુધારજો મોટી દીધી આશ. ૩૯

ઉંચ વરણને પોશીયા, તેમ કરીને રાજ,
મજુરીઆતોને દીધુ રેલ તણુ છે કાજ,
પણ લુલાંને લગડા, અપંગ નિરાધાર,
કરવુ શુ તે કારણે કરે દિવાન વિચાર. ૪૦

ચતુરાઇ ચાણાકય સમ, બુદ્ધિમાં બહાદુર,
તેને શું છે વેગળું દયા જેહને ઉર ? !,
બોલાવી શહેરી સભા મોટા મોટા શેઠ,
વિચાર જણુવ્યો આપનો કહો શું ભરશો ભેટ ? ૪૧

સ્વર્તિ—માસીક પુસ્તકના બાર અંકનુ પુસ્તક ૧ લુ. કિ-
આના

હજાર દસ દરબાર દે બસો હું દઉ આવાર,
નિરાશ્રીત ફંડમાં તમો ભરો કરો ન વિચાર;
આપ્યુ તમને ઇશ્વરે ગજા મુજબ પરમાર્થ.
કરવુ મોટુ પુન્ય એ નહિ કોનો મહિ સ્વાર્થ ૪૨
બોધ દિધો શું સાંભળી પીગળીયા સઉજન,
રકમ મોટી થઇ ગઇ ગરીબ ફરીયો દન;
ભલામણો કીધી ઘણી, બીજાઓને ઘેર,
અમલદાર મોટા જઇ સમજાવે ઘણીપેર ૪૩
મોટાઇ મુકી વેગળી ગરીબ કારણ સાર,
જાતે લોકો ઘર જઇ જણાવિયો વિચાર,
મોટા તે મોટા જ છે પણ બળી સગ છોટાય,
કષ્ટ ખમી દે સુખ સઉને એ છે મોટાય ૪૪
પ્રથમ આપવુ હાથથી પણ પોહોચે જો નાહિ,
કષ્ટ ખમી કરવો પ્રયત્ન પરમારથની માંહિ,
તે કીધુ સર્વે અહિ ધન્ય ધન્ય દિવાન,
બચાવીયા બુદ્ધિ થકી ગરીબ કેરા જાંન. ૪૫
નિરાશ્રીત ઉઘાડીયું ફંડ ગવારા બહાર,
હજાર પંદર સો જમે નિરાશ્રીતો બેવાર;
ગરિબ કો મરતા દિસે શહેર મહિકે બહાર
લાશ બળાવે તેહની ખર્ચ દઇ સરકાર ૪૬

(હે દેવના પણ દેવ તું) એ રાહ.

કણીયા બજારે જે વસે અહિ ખોટ હુકમ રાજથી,
આપ્યાં ઇનામો તેહને નવાબ સાહેબ હાથથી;
સંતોષિયા ભલીપેર નહિ કઇ ઝેર અમને તમપરે,
ગરિબો બચાવા કાજ આપ્યો વર્ષ આ કહિ ઇશ્વરે. ૪૭

દિપોત્સવી થઇ પણ દિવસ નહિ તેજ માંહિ કો દિસે,
ચડીયા વશોણે લોક બહુ સંતાપ કીધો જોષિએ;
સપ્ત ગ્રહો ઘર એકમાં આવીને વાસો તે કરે,
તે યોગ નામે ગોળ આખા જગતની આશા હરે. ૪૮

જે યુદ્ધ મહા ભારત મહિ કૌરવ અને પાડવતણુ,
થયુ વર્ષ તે આ આવીઓ એમ બોલતા જોષિ ઘણું;
નભથી ખરે પૃથ્વીપરે તારાનુ મંડળતો બહુ,
એમ સર્વને ભડકાવતા કહિ, વર્ષ ફલ મુખ શું કહુ. ૪૯

મલશે નહિ અન્ન, જલ, ભૂપર માટે ખરીદો અન્નને,
નહિ તો ખરેખર યાદ કરશો, શાલ આ છપન્નને,
સહજંન આ વાતો સુણી કશી કેડને છે સજ થયા,
હલવા તણા મુબઇ થકી તારો દીયાં મગાવીયા. ૫૦

થઇ તેહની પછી શિ દશા હલવે હલાવ્યા સર્વને,
એમ શેરનો સટ્ટો બીજો મુકાવીયા સઉ ગર્વને;
ચકવે ચડયા સઉ લોક, મુકે પોક ગભરાઇ બહુ,
બેસી ગયા કો જન, રડયો દન મુખથી શું કહુ. ૫૧

(શેઠ સગાળશાનો રાગ ઠેકારો.)

હલવે સર્વ હલાવ્યારે, ખભાતના લોક રડાવ્યા,
કાલ પડયો વિર વિક્રમ સવત્ ઓગણી છપન શાલ,
મુંબઇ રંગુન તાર મંગાવી કીધા ઘણા પાયમાલ,
હલવે સર્વ હલાવ્યા રે.— ૫૨
સોંઘા દિઠા ચોખા રંગુન કેરા હલવો નામ,
એકે મંગાવ્યા બીજે ખરીદ્યા એમ થયા તમામ;
વહેપારી સઉને બનાવ્યા રે.— ખભાતના ૫૩
પેદા કરતા પાંચ રૂપૈયા નોકરી કરી જે જંન,
સુખ સતોષથી બેસી રહ્યા નહિ ફરીયો તેનો દન,
સટ્ટા મહિનામ ભરાવ્યા રે. ખભાતના. ૫૪
હલવો હલવો આવે બજારે, ઉપરા ઉપરી તાર,
ખાવા નહિ જે ઘર કરે તે પણ સટ્ટાનો વહેવાર;
હલવે સર્વ હલાવ્યા રે ખંભાતના. ૫૫
પાંચ પચી ગુણ ગણતીમાં નહિ સો બસે સાધારણ,
હજાર ઉપર હીશાબ ચાલે, મોઢેથી આપ્યા વણ;
હલવે સર્વ હલાવ્યા રે. ખંભાતના ૫૬
કલશી એકના ચાળી થયા પછી પચાસ અઠાવન.
ખુબ ખરી દયા લોકે તેમાં ભાવ થયો છપ્પન;
અહિને અહિ ભાવ કરાવ્યા રે. ખંભાતના ૫૭
રાંડી રાંડોએ રેંટીયા વેચીયુ આચલ કુચલ જેહ,
પચો પચા ગુણ મારી રાખો તે પણ એમજ કહે;
દલાલો ખુબ કમાયા રે.

વાયદા ચાલ્યા પુનેમ કેરા કાર્તિક માગશિર માસ,
સાત રૂપીયાના સ્કુલ માસ્તરો બલચાબા બહુ આશ;
દૈવે પણ તેને ભમાવ્યા રે. ૫૯

ઘરપર નળીયા પુરા મલે નહિ તે પણ કરે વેપાર,
રાંડે જણ્યા ઓછી નવ રાખે ગુણ્યો લે બે હજાર;
દેવાળા કંઇને કઢાવ્યાં રે. ૬૦

ઘર નારીની જણશો મુકે કો ઘર મુક્તા કિસત,
મનમા મોટી આશ રાખે હવે થઇ જઇશું ધનવત;
દુનિયા બહાર તેને કડાવ્યા રે ખંભાતના ૬૧

માગશરમા બહુ આવ્યો ચોખો ભાવ ચુવાળી જ્યાંય,
થયો મુકે ખુબ પોકો લોકો રડવા લાગ્યા ત્યાંય;
ખોટું બોલી કંઇક લડાવ્યારે ખભાતના૦ ૬૨

કોને હજાર બે કોને પાનસો કોને બસો સો એક,
બાકી રહ્યું નહિ ખોટના ખાડથી મોઢા જુવે એક મેક;
તમાચા મોઢે મરાવ્યારે. ખભાતના૦ ૬૩

બજાર બેતાળીશ તણો એમ બેઠો ચોકસ જેહ,
વાયદા કીધા પુરા થયા થકી કોરટે ચઢીઆ તેહ;
ત્યાંથી પણ તેને હરાવ્યારે ખભાતના૦ ૬૪

દોહરા.

લોક ભમાવ્યા લોભમા નાખી છપ્પન શાલ,
ઢોર મરે દુધ ઘૃત દહી તે પણ મોઘો માલ;
એવા આ દુ:ખના દિનો બતાવીયા હે નાથ. ૬૫

કૃપા કરી ઉગારજો સૌનો ગૃહીને હાથ,
ચાળીના પુરીયાં વસ્ત્ર તમે ભગવાન,
પાહે થાજો તમે પ્રભુ કૃપા નિધાન;

ક

૮ જાન,

• નધાન. ૬૬

હિ એમ ભાન,

નિધાન;

હેર કૃપાળ,

પાદ દયાળ ૬૭

કરવી ખેતી કેમ,

એમના એમ,

રો બહુ વિચાર,

ગેહો બે હજાર. ૬૮

હું જે માગત,

લોક બહુ મ્હાલંત;

સુખી ઈશ તણી થઈ મેહેર,

માં થઈ છે લીલા લ્હેર. ૬૯

સુખમા મળે પણ પડે દુઃખ જે વાર.

"તે વખત સાહ્ય થઈ કરે દુખીયાની બ્હાર;

તે વખતો સંભાળીયા ધન્ય ધન્ય દિવાન,

બુદ્ધિ બળમા છો ચતુર કદર કરો (છો) ધનશાન. ૭૦

નવાબ નૃપત્તિ જીવો ઘણું અમર તપો આ રાજ,

દિવાન દિર્ધાયુ થઈ કરજો રૂડાં કાજ;

સર્વ ભાગ્ય સૃષ્ટિ પતિ પૂરો સર્વની નેમ,

યુગલ પતિ જશ આપજો રાખી કુશળ ક્ષેમ. ૭૧

સમાપ્ત.

છપાઇ

ખંભાત ર

પ્રાચીન અર્વાચ

લખનાર—

જુગલભાઇ .

કિમત દર

વાંચો અભિપ્રાય—

મેહેરબાન ખાનસાહેબ કરમર

ખેડા જીલ્લાના કેળવણી ખાતાના

ખ

પ્રિય મિ. જુગલભાઇ—

તમારૂં રચેલું પુસ્તક મેં ઉલટ ભેર

અગત્ય પૂરી પાડી છે. હું અહિ થોડા દહા .

મને એમ વિચાર થયો કે અહીનો ઇતિહા ધા કો સ્વ-

દેશ હિતેચ્છુએ કેમ બહાર પાડયો નથી બાજ કે ત્રીજેજ દહાડે

એ પુસ્તકને હું યાદ કરતો હતો તેજ મારી પાસે પોતાની મેળે

આવ્યું તેથી આનંદ પામ્યો. ઇબારત પણ સારી, સૌ વાંચી સમજી

શકે તેવી છે. ઇતિહાસ કંઇક અપૂર્ણ છે પણ એ બાબતમાં તમે

જેટલો બની શકયો તેટલો પ્રયાસ કરેલો જણાય છે, તેથી ધન્યવા

ઘટે છે. આશા છે કે વધારે હકીકત મળેથી બીજી આવૃતિ વધા

સંપૂર્ણ થશે. રાજ્ય તરફથી આ પુસ્તક આશ્રયને યોગ્ય જણાય

સેવક,

કરમઅલી રહીમ નાનજીઆણીની સલામ.